## વાપી મહાનગરપાલિકા- વાપી

**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**

**( જાહેર નોટીસ)**

**(ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગ)**

**જર્જરિત અને ભયજનક બિલ્ડિંગ ખાલી કરવા તથા તોડી પાડવા બાબત.**

પ્રતિ,
સંબંધિત મકાન/ફ્લેટના માલિકો, કબ્જેદારો તથા હિતધરાવનારાઓ,
બિલ્ડિંગના નામ અને સરનામું :-

(1) દેસાઇની ચાલી (અરુણા સેલ્સ/ડાહ્યાભાઇ દેસાઇ/રાધે કૃષ્ણા પાન/મહેશભાઇ દેસાઈ) નેહરુ સ્ટ્રીટ, પોલીસ સ્ટેશનની સામે, વાપી (સી.સ.નં.૨૧૮૬, ૨૧૮૭,૨૧૮૮,૨૧૮૯,૨૧૯૦) (2) કાસીમ દુલ્લા , ઝંડા ચોક પાસે, વાપી. (સી.સ.નં. ૫૧૦) (3) બેગમ બાઈ, ઝંડા ચોક પાસે, વાપી (સી.સ.નં. ૫૦૯) (4) લિયાકતભાઈ પોપટ/ જુનૈદભાઈ, મટકાગલી, મોનાલીસા સાડીની સામે,વાપી (સી.સ.નં. ૮૮૮) (5) જગદંબા બિલ્ડીંગ/કાલુસદન, શાકભાજી માર્કેટ, વાપી. (6) ભરતભાઈ રણછોડભાઇ ,શાકભાજી માર્કેટ, વાપી (સી.સ.નં. ૧૬૩૫) (7) પ્રતિક રમેશચંદ્ર શાહ, કુંભારવાડ, વાપી (સી.સ.નં. ૩૩૬૦,૩૩૬૧,૩૩૬૨) (8) દીપકભાઈ અગ્રવાલ (કંકુબેન લાલજી પન્નાલાલ અગ્રવાલ- વેરા શાખા પ્રમાણે) એમ.જી. રોડ,વાપી. (9) સોના ગેસ્ટ હાઉસ , શાકભાજી માર્કેટ નાંઝાભાઈ રોડ,વાપી

આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારની જાહેર જનતા તેમજ ઉપરોક્ત બિલ્ડિંગોના સંબંધિત માલિકો, કબ્જેદારો અને હિતધરાવનારાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત બિલ્ડિંગો અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં આવેલ છે તથા ગમે ત્યારે ધરાશાયી થવાની શક્યતા રહેલ છે. આ અંગે વાપી મહાનગરપાલિકા દ્વારા અગાઉ સંબંધિત ફ્લેટ ધારકો/કબ્જેદારોને નોટિસો પાઠવવામાં આવેલ હતી, છતાં આજદિન સુધી બિલ્ડીંગ રીપેર કરાવવામાં આવેલ નથી કે સ્વખર્ચે બિલ્ડીંગ ઉતારી પાડવામાં આવેલ નથી. આ જર્જરિત મકાનો તૂટી પડે તો જાન હાનિ થવાની સંભાવના રહેલ છે જેથી આવા અતિ નબળા મકાનો મહાનગરપાલિકા દ્વારા ધી જી.પી.એમ.સી એક્ટ-1949ની કલમ 264(3) મુજબ મકાન ઉતારી પાડવાના થાય છે તથા કલમ 264(4)મુજબ મકાન ઉતરવાનો ખર્ચ જે-તે મકાન/ફ્લેટના માલિકો, કબ્જેદારો તથા હિતધરાવનારાઓ પાસે વસૂલ કરવાનો થાય છે

ઉપર મુજબના બિલ્ડિંગો હાલે બંધ/ખાલી હાલતમાં હોવાને કારણે સ્થળે મકાનમાલિક/ કબ્જેદારો હાજર ન હોય જર્જરિત બિલ્ડીંગ ઉતારી પાડવાના હુકમ સ્થળે બિલ્ડિંગની દીવાલ/દરવાજા ઉપર ચોંટાડવામાં આવેલ છે તથા જેથી આ જાહેર નોટિસ થકી ઉપરોક્ત બિલ્ડિંગોના સંબંધિત માલિકો, કબ્જેદારો અને હિતધરાવનારાઓને તથા તમામ સંબંધિતોને નામ/સરનામાના અભાવે જો સદર હુકમની નકલ મળેલ ન હોય તો આ જાહેર નોટિસને વ્યક્તિગત હુકમ માનવાનો રહેશે.

આથી તમામ સંબંધિતોને સૂચિત કરવામાં આવે છે કે, આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ (સાત) દિવસની અંદર બિલ્ડિંગ સંપૂર્ણપણે ખાલી કરી દેવું તેમજ મકાન/ફ્લેટમાં કોઈ કિંમતી માલસામાન, ફર્નિચર દસ્તાવેજો તથા અન્ય વસ્તુઓ તાત્કાલિક હોય તો દૂર કરી લેવી. વધુમાં, જો ઉપરોક્ત મિલકતો ઉપર કોઈ બેંક/નાણાકીય સંસ્થા દ્વારા કબ્જો લેવામાં આવેલ હોય અથવા બેંક/નાણાકીય સંસ્થાનો કોઈપણ પ્રકારનો બોજો, હિત, ગીરવે હક અથવા કાર્યવાહી ચાલતી હોય, તો સંબંધિત બેંક/નાણાકીય સંસ્થાએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ (સાત) દિવસની અંદર જરૂરી પુરાવાઓ સાથે અત્રેની કચેરીને લેખિતમાં જાણ કરવાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં માલસામાન દૂર કરવામાં નહીં આવે અને બિલ્ડિંગ તોડી પાડવાની કામગીરી દરમિયાન આપના મકાનના ફર્નીચર,માલ-સામાનને કોઈપણ પ્રકારનું નુકસાન થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત માલિક/કબ્જેદારની પોતાની રહેશે. તે અંગે વાપી મહાનગરપાલિકા અથવા તેના અધિકારીઓની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

વધુમાં, પ્રશ્નવાળા બિલ્ડીંગ/મકાન તોડી તેનો કાટમાળ જે-તે સ્થળે જ છોડી દેવામાં આવશે. કાટમાળને સાચવવાની અથવા તેના નિકાલની સંપૂર્ણ જવાબદારી જમીન માલિકો/ ફ્લેટ ધારકો/કબ્જેદારોની રહેશે.વાપી મહાનગરપાલિકા કાટમાળના નિકાલ બાબતે કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

સ્થળ:- વાપી
તારીખ:-19/06/2026
નં.માહિતી/વલસાડ/191/2026

સહી-
મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી